**રે.દી.મુ.નં.૧૩૩/૨૦૨૪ ના કામે આંક–૦૫ ની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી લગત હુકમ ::–**

---

**વાદી તરફે વિ.વ.શ્રી જી.એચ.પરમાર**
**પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી જી.ડી.રાવ**

---

**૧.** વાદીના વિ. વ. શ્રી ને સાંભળ્યા. અરજીની હકીકત તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું.

**૨.૧** વાદીની આંક–૫ ની અરજીની ટૂંકી હકીકત એવી છે કે, વાદીનું લગ્ન પ્રતિવાદીના સ્દકરા વિમલકુમાર મધુસુદન ત્રીવેદી સાથે તા. ૨૦/૨/૨૦૧૪ ના રોજ થયેલુ. આમ, વાદી પ્રતિવાદીના દિકરાના પત્ની છે. વાદીના પતિ હેગામ મુકામે સ્થાવર તેમજ જંગમ મિલકત ધરાવતા હાત. તેઓ તા. ૧૫/૦૭/૨૦૨૩ ના રોજ દહેગામ મુકામે ગુજરી ગયેલા છે અને તેમના વારસદાર તરીકે વાદી સિવાય અન્ય કોઈ વારસદાર નથી. દહેગામ નગરપાલીકા, તા. દહેગામ મધ્યે આવેલ ઉમીયા પાર્ક સોસાયટીમાં ક્ષેત્રફળ ૭૭.૩૫ ચો.મી. મકાન નં. ૧૧ વાળુ વાદીના પતિએ ખરીદ કરેલ અને તેની સીટી સર્વે રેકર્ડે નોંધ નં. ૭૦૮ તા. ૨૪/૯/૨૦૦૭ ના રોજ દાખલ થયેલ. વાદીના પતિ ગુજરી જતાં તે મિલકતમાં વારસાઈની નોંધ નં. ૮૫૬૦, તા.૨૬/૧૦/૨૦૨૩ ના રોજ પડાવેલ. જે નોંધ સામે પ્રતિવાદીએ કોઈ વાંધો, તકરાર ઉઠાવેલ નથી. સદર મિલકતઉપર વાદીનો ભરણપોષણનો હકક આવેલો હોવાનું પ્રતિવાદી જાણતા હોવા છતાં પ્રતિવાદીએ તેમજ સાક્ષીઓએ ખોટુ તેમજ બનાવટી વીલ ઉભુ કરી સદર મિલકતના સીટી સર્વે રેકર્ડે તા. ૧૮/૪/૨૦૨૪ ના રોજ વીલની નોંધ નં

. ૯૦૦૬ દાખલ કરાયેલી. જે નોંધ સક્ષમ અધીકારીશ્રીએ તા.૭/૬/૨૦૨૪ ના રોજ પ્રમાણીત કરેલી છે. નોંધ નં. ૯૦૦૬ અંગે જમીન મહેસુલના કાયદાની કલમ –૧૩૫(ડી) ની કોઈ નોટીસ સીટી સર્વે અધીકારીશ્રીએ વાદીને બજાવ્યા સીવાય તેમજ તે અંગેની કોઈ જાણ કર્યા સીવાય તા. ૭/૬/૨૦૨૪ ના રોજ પ્રમાણીત કરી દીધેલ છે. જે અં ગે વાદીને તા. ૯/૭/૨૦૨૪ ના રોજ જાણ થતાં સદર નોંધના કામે રજુ થયેલ કાગળો મેળવવા સારૂ સીટી સર્વે કચેરી દહેગામ ખાતે અરજ ગુજારેલી, જે કાગળો વાદીને તા. ૯/૭/૨૦૨૪ ના રજ સીટી સર્વે કચેરી તરફથી પુરા પાડેલ. પ્રતિવાદીનો ઈરાદો દાવાવાળી મિલકત અન્ય ઈસમોને વેચી મારવાનો છે. પ્રતિવાદી તેઓના ખોટા અને બનાવટી વીલને આધારે પડેલ નોં ધ નં. ૯૦૦૬ થી પ્રતિવાદીનું નામ સદર મિલકતના રેકર્ડે ખોટી રીતે દાખલ થયેલ હોવાથી પ્રતિવાદી દાવાવાળી મિલકત વેચી નાખી વાદીના હકકને નુકશાન કરવાની તેરવી કરી રહેલા છે અને જો સદર મિલકત પ્રતિવાદી અન્ય ઈસમોને વેચાણ કરી દે તો વાદીનો સદર મિલકત પરત્વેનો વારસાઈ હકક માર્યો જાય તેમ છે. સદર મિલકત ઉપર વાદીનો ભરણપોષણનો હકક પણ રહેલો છે. વાદીએ પ્રતિવાદીના દીકરા અને વાદીના પતિ સામે અમદાવાદના મહેરબાન ફેમીલી કોર્ટમાં ભરણપોષણ મેળવવા સારું ક્રિ.પ.અ.નં. ૨૮૮૪/૨૦૧૮ ની અરજી દાખલ કરેલી. જે કામે તા.૩૦/૧૧/૨૦૨૨ ના રોજ નામ. કોર્ટે હુકમ કરી વાદીને દર માસે રૂ. ૭૫૦૦/– તેના પતિએ ચુકવી આપવા હુકમ કરેલો છે. પરંતુ વાદીના પતિ તા. ૧૫/૭/૨૦૨૩ ના રોજ દહેગામ મુકામે ગુજરી ગયેલ હોવાથી ભરણપોષણ કરવા સારું કોઈ આધાર રહેલો નથી. વાદીના ભરણપોષણ સારૂ તેના પતિની દાવાવાળી મિલકત ઉરપ કાયમી હકક રહેલો

છે અને સદર મિલકતમાં વાદીનો વારસાઈ હકક છે. પ્રતિવાદીએ વાદીના પતિ ખુબ જ લાંબા સમયની બીમારીને કારણે ગુજરી ગયા બાદ ખોટુ વીલ ઉભુ કરી ખોટા સાક્ષીઓ ઉભા કરી સદર નોંધ નં. ૯૦૦૬ ખોટી રીતે પડાવી દઈ પ્ર માણીત કરાવી દીધેલછે. પ્રતિવાદી દાવાવાળી મિલકત અન્ય ઈસમોને વેચવાની પેરવી કરી રહેલા છે જેથી હાલની મનાઈ અરજી દાખલ કરવાની જરૂર પડેલ છે.

**૨.૨** રજીસ્ટ્રેશન એકટ મુજબ તેમજ ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની જોગવાઈ મુજબ વસીયતનામાથી કોઈપણ મિલકત તબદીલ કરી શકાય નહી કારણ કે વસીયતમાં સ્ટેમ્પ ડયુટી પણ વપરાતી નથી. નોંધ નં. ૯૦૦૬ ના આધારે પ્રતિવાદી દાવાવાળી મિલકત અન્ય ઈસમને કોઈપણ રીતે ટ્રાન્સફર કરી દે તો વાદીને નાણાથી પણ બદલો ન મળે તેવું ગંભીર નુકશાન થાય તેમ છે. પ્રતિવાદી સદર દાવાવાળી મિલકત અન્ય ઈસમોને વેચે નહી તે સારુ તા.૩૧/૭/૨૦૨૪ ના રોજ રજીસ્ટર્ડ નોટીસ મોકલી આપેલ. જે નોટીસ પ્ર તિવાદીને બજી ગયેલ હોવા છતાં પ્રતિવાદી દાવાવાળી મિલકત અન્ય ઈસમને વેચવાની પેરવી કરી રહેલ હોવાથી પ્રતિવાદી વિરુધ્ધ હાલની આ મનાઈ અરજી દાખલ કરવાની જરૂર પડેલ છે અને હાલની અરજીથી અરજીમાં નીચે મુજબની દાદ માંગેલ છે.

(એ) મોજે દહેગા નગરપાલીકા, તા. દહેગામ, જી.ગાંધીનગર મધ્યે આવેલ ઉમીયા પાર્ક સોસાયટીમાં આવેલ સીટીસર્વે નં. ૪૧૧૯/બ/૧૧ છે જેનુ સુમારે ક્ષેત્રફળ ૭૭.૩૫ ચો.મી. સત્તા પ્રકાર–સી જેનો આકાર ૩.૮.૦૦ છે અને જેનો મકાન નં. ૧૧ છે અને જેનો દહેગામ નગરપાલીકા ટેનામેન્ટ નં. ૧૦૦૫૧૩૬૪૯ છે જેના સીટી સર્વે રેકર્ડે આ કામના પ્રતિવાદીનુ

નામ ખોટા અને બનાવટી વીલને આધારે દાખલ થઈ ગયેલ હોવાથી સદરના પ્રતિવાદી સદર દાવાવાળી મિલકત અન્ય ઈસમોને વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી કે સદર દાવાવાળી મિલકતનો પ્ર ત્યક્ષ કબજો અન્ય ઈસમોને સુપ્રત કરે કરાવે નહી કે સદર દાવાવાળી મિલકત ઉપર પ્રતિવાદી જાહેર યા ખાનગી બોજો ઉભો કરે કરાવે નહી તેમજ સદરના પ્ર તિવાદી દાવાવાળી મિલકત ઉપર પ્રવેશ કરતા અમો વાદીને કોઈ હેલો, હરકત કે રૂકાવટ કરે કરાવે નહી તેવો પ્રતિવાદી વિરુધ્ધ કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવા મહેરબાની કરશોજી.

(બ) આપ નામ. કોર્ટને બીજી યોગ્ય અને વચાજબી લાગે તેવી દાદ યા દાદો અપાવવા મહેરબાની કરશોજી.

**3.** પ્રતિવાદીને ધોરણસર સમન્સ/નોટીસની બજવણી થવા તેઓ તેમના વિ.વ.શ્રી મારફેત હાજર રહી આંક. ૧૧ લેખીત જવાબ રજુ કરેલ છે. જેમા તેઓએ જણાવેલ છે કે, વાદીના લગ્ન તા. ૨૦/૨/૨૦૧૪ ના રોજ પ્ર તિવાદીના દિકરા સાથે કરવામા આવેલા અને વિમલકુમાર નોકરી કરતા હતા.શરુઆતમા થોડો સમય ઘર સંસાર સારી રીતે ચાલેલો પરંતુ તે બાદ વાદી પ્રતિવાદી વૃધ્ધ ઉંમરના હોવા છતા પ્રતિવાદીને હેરાન કરતા અને જમવાનુ પણ બનાવતા નહી. વાદીના પતી બાથરુમમા પડી જવાથી તેઓને ફ્રેકચર થયેલુ તેમ છતા વાદી તેઓને સેવા ચાકરી કરતા નહી. વાદીએ પત્ની તરીકેની ફરજો બજાવવામા નિષ્ફળ ગયેલ છે. દાવા અરજ મા દર્શાવેલ મિલકત પ્ર તિવાદીના દિકરાએ પોતાની અંગત કમાણી માથી ખરીદ કરેલ એટલ ે વાદગ્રસ્ત મિલકત તેઓની છે અને તેથી મરહુમને આવી સ્વપાર્જીત મિલકત વીલ કરવાનો સંપુર્ણ અધીકાર હતો. ભરણપોષણનો કેસ ચાલતો હતો ત્યારે વિમલકુમાર એ નામદાર કોર્ટ સમક્ષ જાહેર કરેલુ કે મારી સેવા કરે તે મારી

મિલકત ખાય. તેમ છતા વાદી એ કયારેય તેમની સેવા ચાકરી કરેલી નથી. કાયદા અનુસાર વીલ કોઈ કાગળ ઉપર પણ કરી શકાય તેમા સ્ટેમપ ફી ભરવાની હોતી નથી તેમજ કાયદાકીય રીતે વીલનુ પ્રોબેટ લેવાની પણ જરુરીયાત નથી.

**૪. દલીલો :–**

**૪.૧** હાલની અરજીની સુનાવણી દરમ્યાન વાદી તરફે આંક–૧૫ થી લેખીત દલીલો રજૂ રાખી મનાઈ અરજીની હકીકતોને વળગી રહેતી દલીલો રજૂ રાખેલ છે. આ ઉપરાંત દલીલોમાં એવું જણાવેલ છે કે, દાવાવાળી મિલકત વાદીના પતિની હતી. વાદીના પતિનુ અવસાન થયા બાદ વાદીના સાસુ કે જે આ કામના પ્રતિવાદી છે તેઓએ વાદીના પતિના ખોટા અને ઉપજાવી કાઢેલા વિલના આધારે દાવાવાળી મિલકતમાં પોતાનુ નામ સીટી સર્વે કચેરીના રેકર્ડમા માલીક કબજેદાર તરીકે દાખલ કરાવી લીધેલુ છે જે સંબંધે વાદીને કયારેય બોમ્બે લેન્ડ રેવન્યુ કોર્ટની કલમ–૧૩૫ (ડી) મુબજની નોટીસ મળેલ નહી. તે રીતે પ્રતીવાદી એ એકતરફી રીતે દાવાવાળી મીલકતમાં પોતાનુ નામ દાખલ કરાવી લીધુ હોય જેના આધારે તેઓ દાવાવાળી મીલકત અન્યને વેચાણ કરવા પ્રયત્નશીલ બનેલા છે. વાદી મર્હુમ વિમલકુમાર મધુસીદનના કાયદેરસના પત્ની હોય તેઓનો પણ દાવાવાળી જમીનમા કાયદેસરનો હક સમાયેલો છે . તે જોતા જો પ્રતીવાદી તકરારી મીલકતનુ હસ્તાંતર કરશે તો વાદીને નાણામા ન માપી શકાય તેટલુ નુકશાન જાય તેમ છે. વિ.વશ્રી એ રજુઆત કરેલ છે કે મનાઈ હુકમ મંજુર કરવા માટેના તમામ આવશ્યક તત્વો વાદીની તરફેણમા હોય હાલની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

**૪.૨** જે સામે પ્રતિવાદીના વિ.વ. શ્રી જી.ડી.રાવએ આંક–૧૮ થી પોતાની લેખીત દલીલો રજુ કરેલ છે જેમા તેઓએ દાવા જવાબમા લીધેલી તકરારોને વળગી રહેતી રજુઆત કરેલ છે. વિ.વશ્રીએ એવુ જણાવેલ છે કે વાદીએ આજદીન સુધી પ્રતીવાદીની તરફેણમા વાદીના ગુજરનાર પતિએ કરી આપેલ વીલ રદ બાતલ ઠરાવવા દિવાની કે ફોજદારી રાહે કોઈ કાર્યવાહી કરેલ ન હોય તે જોતાં પ્રતીવાદી વીલના આધારે તકરારી મીલકતના કાયદેસરના માલીક કબજેદાર બનેલા છે. તેથી પ્રતીાવદી સામે વાદીએ માગ્યા મુજબની મનાઈ હુકમ આપી શકાય નહી. પ્રતીવાદીના વિ.વ.શ્રીએ એવી પણ રજુઆત કરેલ છે કે, વાદીએ તેના પતિ બીમાર પડતા તેની પત્ની તરીકે સેવા ચાકરી કરેલ નહી. જેથી વાદીના ગુજરનાર પતિએ તેઓની મીલકત સંબંધે પ્રતીાવદીની તરફેણમાં કાયદેસર વીલ કરી આપેલુ છે. વધુમાં પ્રતીવાદીએ જણાવેલ છે કે, મનાઈ હુકમ મંજુર કરવા માટેની કોઈપણ આવશ્યક તત્વો વાદીની તરફેણમા ન હોય અરજી ખર્ચ સહીત રદ કરવા રજુઆત કરેલ છે.

**પ.** આ કામે વાદીએ તકરારી મીલકત તેના પતિની હોવાનુ જણાવે છે અને તે મીલકત સંબંધે પ્રતીવાદીએ ખોટુ વીલ ઉભુ કરી મીલકતના સીટી સર્વે કચેરીના રેકર્ડમા પોતાનુ નામ દાખલ કરાવેલુ હોય જો પ્ર તીવાદી દાવા વાળી મીલકત ચાલુ દાવાએ કોઈપણ રીતે હસ્તાંતર કરે તો વાદીનો દાવાવાળી મીલકતમા રહેલો કાયદેસરનો હક માર્યો જાય તેમ છે. દાવાવાળી મીલકતમાં વાદીનો કાયદેસરનો હકક, હીત, અધિકાર પોષાતો હોઈ આ કામના પ્રતિવાદી દાવાવાળી મીલકત અંગે જાતે કે તેઓના કુલમુખત્યારનાઓ, નોકરો, એજન્ટો કે અન્ય મળતીયા ઈસમો સાથે મળી દાવાવાળી મીલકત અન્ય કોઈ પણ રીતે વેચાણ, ટ્રાન્સફર, તબદીલ, ગીરો,

બક્ષીસ કરે કરાવે નહીં કે દાવાવાળી જમીન પરત્વે કોઈનો કોઈ પણ રીતે કે પ્રકારે હકક, હીત, હીસ્સો કે બોજો ઉત્પન્ન કરે કરાવે નહીં કે દાવાવાળી મીલકતમા પ્રવેશ કરતાં વાદીને અટકાવે નહી તેવી વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરુધ્ધ આ દાવાની પેન્ડસી દરમ્યાન કામચલાઉ મનાઈ હુકમની દાદ માંગી છે.

**૬.૧** નામ. હાઈકોર્ટ તથા નામ. સુપ્રીમ કોર્ટ ના ચુકાદાઓ માં ઠરાવેલ છે કે મનાઈ હુકમ ની અરજી નો નિર્ણય કરતી વખતે કોર્ટે જે ત્રણ સિધ્ધાંતો ધ્યાને લેવાના હોય છે તેમાં (૧) પ્રથમદર્શનીય કેસ, (૨) સગવડતા અગવડતા ની સમતુલા (૩) કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણા માં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવા નું સંભવ હોય. ઉપરોકત ત્રણ સિધ્ધાંતો ઉપરાંત કોઈ પણ કેસ માં મનાઈ હુકમ આપવો કે નહી તે કેસ ના સંજોગો અને કોર્ટ ની વિવેકાધીન સત્તા હોય, કોર્ટે મનાઈ હુકમ માગવા આવનાર પક્ષકાર ની વર્તણુંક તથા દાવો દાખલ કરવામાં તેણે દાખવેલ ઢીલ જેવા પરીબળો પર ધ્યાને લેવા જોઈએ.

**૬.૨** ઉપરોકત સર્વસ્વીકૃત કાનુની પરીસ્થિતી ને હાલ ના દાવા ના સંજોગો સાથે મુલવવામાં આવે તો વાદીના કેસ મુજબ દાવાવાળસ મીલકત તેના પતિ વીમલકુમાર મધુસુદન ત્રીવેદીની છે. વાદીના પતી વીમલકુમાર મધુસીદનનુ તા. ૧૫/૭/૨૩ ના રોજ અવસાન થયેલુ. વાદીએ માર્ક–૩/૧ થી વીમલકુમાર મધુસુદન સાથેના પોતાના લગ્નનુ મેરેજ સર્ટીફીકેટ રજુ કરેલુ છે તે જોતા વાદી ગુજરનાર વીમલકુમાર મધુસુદનના કાયદેસરના પત્ની હોવાનુ જણાય છે. વાદીએ માર્ક–૩/૩ થી દાવાવાળી મીલકત નુ સીટી સર્વે પ્રોપર્ટી કાર્ડ રજુ કરેલ છે. જે પ્રોપર્ટી કાર્ડ વંચાણે લેતાં વીમલકુમાર મધુસુદન નુ અવસાન થતા દાવાવાળી મીલકતમાં તેના વારસદાર તરીકે વાદીનુ નામ

દાખલ થયેલુ જે બાદ પ્રતીવાદીએ નોધ નં. ૯૦૦૬ થી વીમલ કુમાર મધુસુદનના તા. ૧૮/૪/૨૩ ના અન રજીસ્ટર્ડ વીલના આધારે દાવાવાળી મીલકતમાં પ્રતીવાદીનુ નામ દાખલ થયેલ. ઉપરોકત પુરાવો જોતાં દાવાવાળી મીલકત વાદીના પતિની હોવાનુ વાદીએ પ્રાથમીક દૃષ્ટીએ પુરવાર કરેલુ છે. દાવાવાળી મીલકત સંબંધે ગુજરનાર ધ્વારા તા.૧૮/૪/૨૩ ના રોજ એક અનરજીસ્ટર્ડ વી લકરવામા આવેલુ તેમા તેઓએ તકરારી મીલકત તેના માતૃશ્રી અને આ દાવના પ્રતીાવદીને વીલથી માલીક ઠરાવેલા . પ્ર તીવાદીએ આ વીલના આધારે મીલકતના સીટી સર્વે રેકર્ડમા પોતાનુ નામ દાખલ કરાવેલ છે. રેકર્ડ જોતાં એ પણ સ્પષ્ટ થાય છે કે , વાદીને તેના પતિ સાથે અણ બનાવ હોય વાદી તેઓથી અલગ રહેતા હતા અને વાદીએ તેના પતિ પાસેથી ભરણપોષણ મેળવવા નામ.અમદાવાદના ફેમીલી કોર્ટ સમક્ષ ફોજદારી પરચુ. અરજી નં. ૨૮૮૪/૨૦૧૮ થી અરજી કરેલી. જે અરજીના કામે નામ. ફેમીલી કોર્ટ ધ્વારા વાદીના પતિને માસીક ભરણપોષણ તરીકે રૂ.૭૫૦૦/– વાદીને ચુકવી આપવાનો હુકમ કરેલો. જે અણબનાવને લઈ અને વાદીના પતિએ તેની મીલકતોનુ વીલ પ્રતીવાદીની તરફેણમા કરી આપેલુ.

**૭.** આ કેસમાં જયારે વાદી ગુજરનારના કાયદેસરના પત્ની હોવાનુ જણાતુ હોય અને દાવાવાળી મીલકત ગુજરનારની હોવાનુ પણ ફલીત થતુ હોય તે રીતે વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરેલો છે. માર્ક –૩/૩ થી રજુ થયેલ મીલકતનુ પ્રોપર્ટી કાર્ડ જોતા દાવાવાળી મીલકતમા વીમલ કુમાર મધુસુદન ના અવસાન બાદ વાદીનુ નામ દાખલ થઈ ગયુ હોય અને તે બાદ નોધ નં. ૯૦૦૬ થી પ્રતીવાદીએ તેના પુત્રએ પ્રતીાવદીની તરફેણમા કરી આપેલા તા. ૧૮/૪/૨૦ ના વીલના આધારે દાવાવાળી મીલકતમાં પોતાનુ

નામ દાખલ કરાવેલુ હોય પ્રતીાવદીનુ નામ દાખલ કરતા અગાઉ સીટી સર્વે કચેરી તરફથી વાદીને બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ ની કલમ ૧૩૫(ડી) મુબજની નોટીસ આપી હોય તેવુ રેકર્ડ જોતા જણાતુ નથી. આમ પ્રતીવાદીએ પોતાના નામની નોંધ એકતરફી રીતે પડાવી લીધી હોવાનુ જણાય છે. હીન્દુ સકસેશન એકટની કલમ–૮ મુજબ દાવાવાળી મીલકત વીમલ કુમાર મધુસુદન ત્રીવેદીની સ્વપાર્જીત મીલકત હોય તેના અવસાન બાદ કલાસ ૧ હેયર તરીકે આ મિલકત વાદી તથા પ્રતીાવદી બન્નેના ભાગે આવે. ગુજરનાર વીમલ કુમાર મધુસુદન એ પ્રતીવાદીની તરફેણમા કરી આપેલુ વીલ સાચુ છે કે ઉપજાવી કાઢેલુ તે ટ્રાયલ દરમ્યાન બન્ને પક્ષકારોના પુરાવાઓ રેકર્ડ કર્યા બાદ નકકી થઈ શકે તેમ છે. પરંતુ તે દરમ્યાન પ્રતીવાદી સીટી સર્વે કચેરીમાં પોતાના નામની એન્ટ્રીના આધારે જો દાવાવાળી મીલકત અન્ય કોઈને વેચાણ ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે હસ્તાંતર કરે અથવા તે મીલકત ઉપર કોઈપણ જાતનો બોજો ઉત્પન્ન કરે તો વાદીના દાવાવાળી મીલકતમા રહેલા હકને નુકશાન થાય તેવા સંપુર્ણ સંજોગો છે અને તેથી વાદીને ઈર–રીપેરેબલ લોસ જાય તેવા સંજોગો છે. વાદીએ હાલની અરજીમા પ્રતીવાદી તેઓને દાવાવાળી મીલકતમા પ્રવેશ કરતા કે વાપર ઉપયોગ કરતા અટકાવે નહી તેવી માંગી છે પરંતુ વાદીએ તેઓ દાવાવાળી મીલકતના કબજામા હોવાનો કોઈ પુરાવો રજુ કરેલો નથી. વાદીએ દાવાઅરજીના કોઝ ટાઈટલમા તેવો વસ્ત્રાલ , અમદાવાદ મુકામે રહેતા હોવાનુ જણાવે છે. તે જોતાં પ્રતીાવદી દાવાવાળી મીલકતના કબજામા હોય માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામા આવશે તો પ્રતીવાદીને કોઈ નુકશાન જાય તેમ જણાતુ નથી. તે રીતે સગવડતા–અગવડતાનુ પલ્લુ વાદીની તરફેણમા હોવાનુ જણાય છે.

૮. ઉપરકોત કારણો મુજબ મનાઈ હુકમ ગ્રાહય રાખવા માટેના બધા આવશ્યક તત્વો વાદીની તરફેણમા છે પરંતુ સાથે સાથે વાદી દાવા અગાઉ દાવાવાળી મીલકતમા રહેતા ન હોય તેઓએ પ્રતીવાદી સામે દાવાવાળી મીલકતમાં પ્રવેશ કરતા અટકાવે નહી તેવી દાદ મંજુર કરવી વ્યાજબી જણાતુ નથી. તે જોતાં હાલની અરજી અંશ: ત મંજુબ કરી અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

- વાદીની હાલની અરજી અંશ:ત મંજુર કરવામાં આવે છે.
- આ કામના પ્રતીાવદીએ આ દાવની પેન્ડસી દરમ્યાન દાવાવાળી મીલકત અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવી કરાવવી નહી કે તે મીલકતનો કબજો કોઈને સોંપવો નહી કે મિલકત ઉપર કોઈપણ પ્રકારનો બોજો ઉત્પન્ન કરવો નહી તેવો આ દાવના આખરી નીકાલ સુધી કામચલાઉ મનાઈ હુકમ આપવામાં આવે છે.
- હાલની અરજીમાં માંગવામાં આવેલ અન્ય દાદ ના–મંજુર કરવામાં આવે છે.
- ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ તા. ૮ મી, માહે. એપ્રિલ, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ:– દહેગામ**
**તા. ૦૮/૦૪/૨૦૨૬**

**(વી.પી.મહેતા)**
**પ્રીન્સી. સીવીલ જજ, દહેગામ**
**UIC: GJ01538**